Government of Gujarat

GUJARAT STATE YOG BOARD
(Under Sports, Youth & Cultural Activites Department)
Office: Block 19, 3rd Floor, Dr. Jivraj Mehta Bhavan, Sector 10A, Gandhinagar-382010
Tele: 079-2322 3362/63 Email Id: yogboard@gujarat.gov.in Web: www.gsyb.in

તા. ૦૧/૦૭/૨૦૨૧

**માર્ગદર્શીકા ::-**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગરના માન. ચેરમેનશ્રીની અધ્યક્ષતામાં તથા યોગ બોર્ડના સભ્યોશ્રીના માર્ગદર્શનમાં આપવામાં આવતી ૭ દિવસની ઓનલાઇન એડવાન્સ યોગ ટ્રેનરની તાલિમ સંદર્ભમાં જણાવવાનું કે, જે યોગ ટ્રેનરોએ ૭ દિવસની ઓનલાઇન તાલિમ અગાઉ લીધેલ છે પરંતુ તેઓ દ્વારા Zoom Application પર પોતાના User Name માં રહી ગયેલ ચુક ના કારણે પોતાનું પ્રમાણપત્ર મેળવી શક્યા નથી અથવા જે લોકોએ હજુ સુધી ઓનલાઇન ટ્રેનીંગ લીધેલ નથી તેઓએ તા. ૦૫/૦૭/૨૦૨૧ ના રોજ સોમવાર થી શરૂ થનાર ૭ દિવસની ઓનલાઇન એડવાંસ ટ્રેનિંગ લેવાની રહેશે. જેની માહિતી દરેક યોગ કોચએ આ સાથેના ફોર્મેટમાં વ્યવસ્થિત ભરી તા. ૦૩/૦૭/૨૦૨૧ ની સાંજ સુધીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ઇમેઇલ આઇ.ડી. gujaratyogboard@gmail.com પર મોકલી આપવાની રહેશે. જેની માહિતી મળશે તેને જ ઓનલાઇન ટ્રેનીંગમાં જોડાવા માટે અત્રેથી જાણ કરવામાં આવશે. અને જે લોકો હજુ સુધી જોડાયેલ નથી અને ઓનલાઇન ટ્રેનીંગ લેવાની બાકી છે તેને અલગથી જાણ કરવામાં આવશે.

**ખાસ નોંધઃ** દરેક યોગ કોચને જણાવવાનું કે, અગાઉ તમે જે રીતે એકઝામ રીપોર્ટ નિયત ફોરમેટમાં દર માસે મોકલો છે તે નિયમિત મોકલવાનું જ રહેશે.

આથી દરેક યોગને જણાવવાનું કે, તમારા **જે યોગ ટ્રેનરો ઓનલાઇન જોડાય છે તેને ફરજીયાત ૧૦૦ ટકા હાજરી સાથે સાતેય દિવસ સવારના સેશનના બે કલાક અને સાંજના સેશનના એક કલાક જોડાવાનું** રહેશે. અને તમામ યોગ કોચએ પણ સાથે જોડાવાનું રહેશે અને સાથે પોતાના ટ્રેનર નિયમિત જોડાયેલ છે કે કેમ ? તેની ખાત્રી કરવાની રહેશે. જે નિયમિત જોડાયેલ હશે તેમને જ સર્ટીફીકેટ આપવામાં આવશે. જેની દરેક કોચએ ખાસ ગંભીરતાથી નોંધ લેવી.

દરેક યોગ ટ્રેનરોએ નીચે મુજબના ફોરમેટ મુજબ જોડાવાનું રહેશે અને સાતેય દિવસ એક જ ફોરમેટ મુજબ જોડાવાનું રહેશે.

સૌ પ્રથમ દરેક યોગ ટ્રેનરોએ ઝુમ એપ્લીકેશનમાં Name માં જઇ પોતાના એપ્લીકેશન નંબરના ૦૬ આંકડા અને ત્યાર બાદ – કરી પોતાનું પુરૂ નામ લખવાનું રહેશે.

**{Last 6 Digit of Application No} {space} {Full Name}**
**Example :**
**056789 SOLANKI RONAK DINESHBHAI**

૭ દિવસની ઓનલાઇન ટ્રેનિંગ લેવા માટે તમારા મોબાઇલમાં Zoom Application શરૂ કરી પોતાનું User Name સુધારવા માટે નીચે મુજબના સ્ટેપને અનુસરો :-

સ્ટેપ ૧ – **તમારા મોબાઇલમાં Zoom Application શરૂ કરી જમણી બાજુના ખુણામાં નીચેની બાજુમાં આવેલ "Setting" Icon પર ક્લિક કરો.**




**સ્ટેપ ૨ - "Setting" Icon પર ક્લિક કર્યા બાદ નીચે મુજબના ફોટો માં દર્શાવેલ Icon પર ક્લિક કરો.**



સ્ટેપ ૩ – ત્યાર બાદ સ્ક્રીન પર દર્શાવેલ “Display Name” Icon પર ક્લિક કરો




સ્ટેપ ૪ - ત્યાર બાદ ફરીથી “Display Name” Icon પર ક્લિક કરો અને એમા સૌપ્રથમ તમારા યોગ ટ્રેનર એપ્લિકેશનના છેલ્લા ૬ આંકડા ટાઇપ કરો અને ત્યાર બાદ જગ્યા છોડીને તમારુ પુરુ નામ કેપિટલ અક્ષરમા લખો.



**સ્ટેપ ૫ – પોતાનો યોગ ટ્રેનર એપ્લિકેશન નંબર અને નામ ચેક કરીને “Save” Icon પર ક્લિક કરો.**




ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ :- તમામ જિલ્લાનાં યોગ કોચ તથા યોગ ટ્રેનર તરફ જાણ તથા અમલ સારૂ

# GUJARAT STATE YOG BOARD

## YOG TRAINER ONLINE TRAINING CAMP DETAILS

| | | | | |
|---|---|---|---|---|
| **DISTRICT NAME** | | | **TALUKA :** | |
| **YOG COACH CODE NUMBER** | | | | |
| **YOG COACH NAME** | | | | |
| **YOG COACH MOBILE NO.** | | | | |
| | | | | |
| **Sr. No.** | **Yog Trainer Application No.** | **Yog Trainer Name** | **Mobile Number** | અગાઉ જોડાયેલ હતા કે કેમ **?** હા કે ના |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

આથી હું પ્રમાણિત કરૂ છું કે, ઉપરોકત યોગ ટ્રેનરોને મે ૮૦ કલાક ફીઝીકલ તાલીમ આપેલ છે અને નિયત પરીક્ષા પાસ કરેલ છે. પરંતુ આ ટ્રેનરો માન.ચેરમેનશ્રી સાથે ૦૭ દિવસ ઓનલાઇન ટ્રેનીંગમાં નિયમિત જોડાયેલ નથી. / જોડાવાના બાકી છે જેની માહિતી મેં અગાઉ ઓફિસે મોકલેલ છે.જેઓને જોડાવા માટેની માહિતી ઉપર મુજબ મોકલુ છું.

યોગ કોચના સહી / સિકકા